Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

ક્રમાંક: કેસીજી/સપ્તધારા/૨૦૨૧-૨૨/1560 તા: 26/10/2021

પ્રતિ,

1. રજીસ્ટ્રારશ્રી
   રાજ્યની તમામ યુનિવર્સીટીઓ (સરકારી, સેક્ટોરીયલ અને ખાનગી)
   ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય
2. આચાર્યશ્રી
   રાજ્યની તમામ કોલેજો(સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર)
   ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય

વિષય: સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ દિન-વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરીચિત થાય તથા મહાનુભાવોના કાર્યોથી પરિચીત થાય તેમજ તેમના મહાનુભાવોના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરુરી છે. આથી કેસીજી કચેરી દ્વારા ચાલુ વર્ષે ઓક્ટોબર માસમાં ૩૧મી ઓક્ટોબર,૨૦૨૧ ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ દિન-વિશેષની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધા આયોજિત કરવામાં આવેલ છે. આ નિબંધ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર તથા તેમના વિચાર વિશે માહિતગાર કરવાનો અને વિદ્યાર્થીઓમાં એકતાનું મહત્વ સમજાવવાનો છે.

- નીચે મુજબ આપેલ વિષયમાંથી કોઈ પણ એક વિષય પર લખવાનો રહેશે.
  ૧) લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ: અખંડ ભારતના શિલ્પી
  ૨) સરદાર વલ્લભભાઈ પટેલ: એક મહાન સ્વાતંત્ર્ય સેનાની
  ૩) ભારતની સ્વતંત્રતા ચળવળમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન
  ૪) સરદાર વલ્લભભાઈ પટેલ: પ્રારંભિક જીવન અને બાળપણથી ભારતની સ્વતંત્રતા સુધીની સફર
- નિબંધ લેખન ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાંથી કોઈ પણ એક ભાષામાં ભૂરી (Blue) અથવા કાળી (BLACK) શ્યાહી વાળી બોલપેનથી લખવાનો રહેશે.
- નિબંધ આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોની મર્યાદામાં A4 Sizeના કાગળમાં લખવાનો રહેશે.
- દરેક વિદ્યાર્થીએ નિબંધ લેખનના આ સાથે સામેલ નિયત નમુના મુજબના પ્રથમ પેજની માહિતી જેવી કે, વિદ્યાર્થીનું નામ, વર્ષ, કોલેજનું નામ, આચાર્યનું નામ, વિદ્યાર્થીનો એનરોલમેન્ટ નંબર/ રોલ નંબર, માધ્યમ, વગેરે દર્શાવવાનું રહેશે. તેમજ છેલ્લા પેજ પર વિદ્યાર્થીએ સહી કરવાની રહેશે
- સદર સ્પર્ધા માં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે ઇચ્છનીય છે.

Pragna Puram, Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in

- આ સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાઓને નીચે મુજબના ઇનામ તથા પ્રમાણપત્ર મળવાપાત્ર રહેશે.

| સ્પર્ધાની વિગત | વિજેતા | ઇનામ (રૂપિયામાં) |
|---|---|---|
| રાજ્ય કક્ષાએ | પ્રથમ | ૭૦૦૦/- |
| | દ્વિતીય | ૬૦૦૦/- |
| | ત્રિતીય | ૫૦૦૦/- |
| જીલ્લા કક્ષાએ (કુલ 33 જીલ્લા) | પ્રથમ | ૪૦૦૦/- |
| | દ્વિતીય | ૩૦૦૦/- |
| | ત્રિતીય | ૨૦૦૦/- |
| કુલ | | |

- વિધાર્થી દ્વારા તારીખ:૧૫/૧૧/૨૦૨૧ સુધીમાં કેસીજી કચેરીને પ્રાપ્ત થાય તે પ્રમાણે નીચે મુજબના નિયત કવરમાં રજી.એડી/ સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત મોકલી આપવાનું રહેશે.

વિષય: સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધા બાબત

પ્રતિ,
ડૉ. યોગેશ યાદવ
ખાસ ફરજ પરના અધિકારી(એક્સ્ટેન્શન)
નોલેજ કાનસોર્ટીયમ ઓફ ગુજરાત(કેસીજી),
પ્રજ્ઞા પુરમ કેમ્પસ, PRLની સામે,
નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મોકલનાર,
વિધાર્થીનું નામ________________________
સરનામું________________________
________________________
મો. નં________________________

- વિધાર્થીએ લેખિત નિબંધની સાથે કોલેજ/યુનિવર્સીટીના Student ID Cardની સ્વપ્રમાણિત નકલ જોડવાની રહેશે.

આમ, સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતી દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધામાં રાજ્યની તમામ યુનિવર્સીટી અને કોલેજોના વિધાર્થીઓ ભાગ લે તે માટે કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

એમ.નાગરાજન(IAS)
સીઈઓ, કેસીજી, અમદાવાદ

બિડાણ: નિબંધ લેખન માટે વિધાર્થી દ્વારા ભરવાની થતી વિગતના પ્રથમ પેજનો નિયત નમુનો

નકલ રવાના જાણ સારું:

- ડૉ. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના આધિકારી(એક્સ્ટેન્શન), કેસીજી